કઠવાડા ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન

પ્લોટ નં ૫૩૦/બી, રોડ નં. ૧૫, પાણીની ટાંકી પાસે, જી.આઈ.ડી.સી. કઠવાડા, અમદાવાદ-૩૮૨૪૩૦
ફોન : ૨૯૭૦૭૧૧૬ ઇ-મેઇલ : info@kathwadagidc.com

પરિપત્ર ક્રમાંક - ૧૪

પરિપત્ર

તા. ૨૫-૬-૨૦૧૫

માનનીય ઉદ્યોગકારશ્રીઓ
કઠવાડા ઔદ્યોગિક વસાહત – અમદાવાદ

સદ્ર પ્રણામ સાથે જણાવવાનું કે કઠવાડા ઔદ્યોગિક વસાહતમાં વર્ષ ૨૦૧૧-૨૦૧૩ માં વિવિધ માળખાકીય સુવિધામાં જેવી કે (૧) રોડ-રસ્તા ૧૭.૫૧ કી.મી. (૨) પાણી પાઈપલાઈન ૨૫.૫૦ કી.મી. (૩) સ્ટ્રોમવોટર ડ્રેનેજ કેનાલ ૨૮ કી.મી. (૪) સ્ટ્રીટ-લાઈટ – ૫૯૮ નંગ વગેરે માળખાકીય સુવિધાઓ આપ સૌ ઉદ્યોગકાશ્રીઓના સાથ સહકારથી સ્થાપિત કરી શકાઈ છે.

ઔદ્યાગિક વસાહતમાં માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરવા / કરાવવા એસોસીએશન અને ઉદ્યોગકારશ્રીઓનું સંયોજન એક અગત્યનું પાસું ગણાય છે. એસોસીએશન માં વિવિધ ક્ષેત્રમાંથી ઉદ્યોગકારો પોતાની ફરજ અદા કરવાના ભાગરૂપે પોતાનો કીંમતી સમય આપી સેવા કાર્ય કરવા હર હંમેશ તૈયાર હોય છે.....

વસાહતને સુવ્યવસ્થિત / સુઘડ અને સ્વચ્છ રાખવા મહદ્ અંશે આપ સૌ ઉદ્યોગકારશ્રીઓનો સાથ સહકાર સાપડેલ છે. પરંતુ વસાહતના ૮-૧૦% ઉદ્યોગકારો આ તમામ વ્યવસ્થા ખોરવી નાખે છે. વારંવાર પરીપત્રો દ્વારા જાણ કરવા છતા પણ તેઓશ્રીનો હકારાત્મક સહયોગ સાંપડતો નથી. જેથી અન્ય ૯૦% ઉદ્યોગકારોની અપેક્ષાઓ નિરાશા જનક બને છે / બની જાય છે.

જે કોઈ ઉદ્યાગકારો વસાહતના જાહેર માર્ગો ઉપર પોતાની કંપનીનું રો-મટીરીયલ, મશીનરી, બીન ઉપયોગી વસ્તુઓ મુકવામાં ઉપયોગ કરેલ છે. તેમજ ખુબજ મોટા જથ્થામાં કચરો નાખવામાં આવે છે. તેમજ કન્સ્ટ્રકશન કામ કરી રહેલ અથવા કામપૂર્ણ કરેલ ઉદ્યોગકારો રોડા-ઈંટો-રેતી વગેરે જ્યાં ત્યાં રોડ ઉપર અથવા કેનાલમાં જ રહેવા દે છે. તે ખરેખર શરમજનક બાબત છે. સદ્ર દબાણ – ગંદકી દુર કરાવવા બાબતે વિવિધ શિક્ષાત્મક જોગવાઈઓ છે. તેનો ઉપયોગ કરવાથી આપશ્રી ૮-૧૦% ઉદ્યોગારારશ્રીને આર્થીક નુકશાન થઈ શકે છે.જે ઈચ્છનીય નથી જે આપની જાણ સારૂ.

આપ શ્રી નીચેની અગત્ય સુચના-અનુરોધને ધ્યાનમાં લઈ સાથ સહકાર આપવા નમ્ર અપીલ છે. જેથી અન્ય ૯૦% ઉદ્યાગકારોની અપેક્ષાઓને પૂર્ણ કરવાની દિશા સરળ બને.....